# ૧૫ મી વિધાનસભા, ચોથુ સત્ર

## માંગણીઓ પરની ચર્ચાના મુદ્દા

## ( કૃષિ, નાની સિંચાઇ,પશુપાલન, મત્સ્યોદ્યોગ, માહિતી અને પ્રસારણ)

## તા.૧૯/૦૨/૨૦૨૪

**કૃષિ પ્રભાગ....**

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ સન્માનનીય ગૃહના માનનીય સભ્યશ્રીઓએ મારા વિભાગની માંગણીઓ પરની ચર્ચામાં ઉત્સાહપૂર્વક ભાગ લઇ બહુમૂલ્ય સૂચનો કર્યા, રાજ્યના ખેડૂત અને ખેતીની દરકાર કરી તે બદલ, હું સર્વે ધારાસભ્યશ્રીઓનો હ્રદયપૂર્વક આભાર માનું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

હમણાં જ "**ભારત રત્ન**"થી જે સન્માનિત થયા છે તેવા પ્રસિદ્ધ અને ભારતીય કૃષિની દિશા અને દશા બન્ને સમૃદ્ધ કરનારા મહાન કૃષિ વૈજ્ઞાનિક ભારતરત્ન શ્રી એમ.એસ.સ્વામીનાથને કહ્યુ હતુ કે....

**"જો ખેતી ખોટી થાય, તો બીજુ કંઇપણ યોગ્ય થવાની શકયતા નથી."** મનુષ્ય જીવનનો આધાર એવી ખેતીની

માંગણીઓ લઈને હું આ ગૃહ સમક્ષ આવ્યો છુ તે મારા માટે સન્માન અને ગૌરવની બાબત છે.

➢ **કૃષિ અને બાગાયત પ્રભાગની મારી માંગણી ક્રમાંક:-૨ અંગેની વાત કરું તો.......**

➢ **વિકસિત ભારત એટ ૨૦૪૭** અંતર્ગત નિર્ધારિત કરેલ આયામોમાં ગુજરાત રાજ્યની કૃષિમાં ટકાઉપણું આવે તે માટે જમીન સ્વાસ્થ્ય જાળવણી-સુધારણા તેમજ ખેતીના ઈનપુટની કાર્યક્ષમતા વધે તે બાબત પર ભાર આપવામાં આવ્યો છે. અન્નદાતાઓની સમૃદ્ધિ માટે ઉત્પાદકતા વધારવા અને પાકોનું મૂલ્યવર્ધન કરવા અમારી સરકાર કૃતસંકલ્પ છે.

➢ **કૃષિ સંશોધન ક્ષેત્રે કેસર કેરી અને ભાલિયા ઘઉં બાદ કચ્છની ખારેકને 'જી.આઈ.' ટેગની માન્યતા મળી છે.** ખેતીમાં આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી ચોક્સાઇવાળી ખેતી (એટલે કે પ્રિસિઝન ફાર્મિંગ)ને અને કૃષિ યાંત્રિકીકરણને પ્રોત્સાહન આપવું એ સમયની માંગ છે.

➢ ગુણવત્તા નિયંત્રણની કામગીરી અસરકારક રીતે કરતાં વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન (જાન્યુઆરી-૨૦૨૪ સુધીમાં) રાજ્યમાંથી રાસાયણિક ખાતર, જંતુનાશક દવા અને બિયારણના **૫૦ હજાર થી વધુ નમૂના** લઈ, **૨૭૫ સામે કોર્ટ કેસ અને ૩૬ સામે એફઆઈઆરની** કાર્યવાહી કરવામાં આવી. આમ, અનઅધિકૃત બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનું ઉત્પાદન તથા વેચાણ પર અંકુશ લાવવા પ્રયત્નો કરવામાં આવ્યા.

➢ વર્ષ ૨૦૨૨-૨૩ માં **૧૯૭ કરોડના મૂલ્યનું ૨.૪૯ લાખ ક્વિન્ટલ બિયારણ વિતરણ** અને **૧૭ લાખ ૩૩ હજાર ક્વિન્ટલ નોટીફાઈડ જાતોના બિયારણ પ્રમાણિત** કરવામાં આવ્યા.

➢ **પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના** અંતર્ગત, અત્યાર સુધી એકંદરે પંદર હપ્તામાં **રૂ.૧૫,૪૦૭/- કરોડથી વધુની રકમ** સીધી **૬૩ લાખ** જેટલા લાભાર્થી ખેડૂતોના બેન્ક એકાઉન્ટમાં જમા કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- ટ્રેક્ટર તથા કૃષિ યાંત્રીકરણની યોજનાઓ હેઠળ રોટાવેટર અને અન્ય ખેત ઓજારોની ખરીદી પર રાજ્યના અંદાજે **૧ લાખ ૫૮ હજારથી વધુ** ખેડૂતોને લાભ આપી શકાય તે માટે ટ્રેક્ટર અને કૃષિ યાંત્રિકીકરણના વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય આપવા કુલ **રૂ.૭૦૧ કરોડ** ની જોગવાઇ સૂચવેલ છે.
- પ્રાણીઓ દ્વારા ઉભા પાકને થતું નુકશાન અટકાવવા ખેતરની ફરતે કાંટાળા તારની વાડ બનાવવાની યોજનામાં **સાડા ત્રણસો કરોડની** જોગવાઈ સૂચવવામાં આવેલ છે. કલસ્ટર વિસ્તારની મર્યાદા **બે હેકટર** કરવામાં આવેલ છે.
- તે જ રીતે ખેતરની ફરતે કાંટાળા તારની વાડના વિકલ્પ સ્વરૂપે સોલાર ફેન્સીંગ બનાવવા ઈચ્છતા ખેડૂતો માટે **પચાસ કરોડ**ની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.
- કૃષિ ક્ષેત્રે અદ્યતન ડ્રોન ટેક્નોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા **અગિયાર કરોડની** જોગવાઈ અને મિલેટસના વાવેતર અને

મૂલ્યવર્ધનને પ્રોત્સાહન આપવા **પાંત્રીસ કરોડની** જોગવાઈ સૂચવી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- **PKVY યોજના** અને **બીજ ગ્રામ યોજના** ખેડૂતોની માંગણી આધારિત છે જેમાં માંગણીના આધારે તમામને લાભ આપેલ છે. આગામી વર્ષ માટે પણ જોગવાઈ કરવામાં આવેલ છે.
- બિયારણના વેચાણમાં ગુજરાત રાજ્ય બિજ નિગમ, ગુજકોમાસોલ, નેશનલ સીડ કોર્પોરેશન તેમજ રાજ્ય કૃષિ યુનિવર્સિટી જેવા સરકારી અને સહકારી સંસ્થાઓનો મોટો હિસ્સો છે જેથી ખાનગી બિયારણ ઉત્પાદકો પણ તેની સાપેક્ષમાં કિંમત રાખતા હોય છે. જંતુનાશક દવાઓમાં એમ.આર.પી.થી વધુ વેચાણ ન થાય તેની ખાતા દ્વારા સતત દેખરેખ રાખવામાં આવે છે.
- દૂરદર્શનના કાર્યક્રમની વાત કરૂતો **ફોન–ઈન–લાઈવ** જેવા કાર્યક્રમોમાં અપેક્ષિત કરતાં પણ વધુ પ્રશ્નો આવે છે અને ઘણા કિસ્સામાં સમયમર્યાદાના કારણે ઘણા પ્રશ્નોનો સમાવેશ પણ કરી

શકાતો નથી. જે દર્શાવે છે કે, આવા કાર્યક્રમો ખેડૂત ઉપયોગી અને લોકભોગ્ય રહે છે.

➢ વર્ષ ૨૦૨૦–૨૧ થી વિમા કંપનીના માધ્યમને બદલે કૃષિ વિભાગ દ્વારા વિવિધ કુદરતી આપત્તિ સમયે નિયમોનુસારની જોગાવાઇ પ્રમાણે નુકશાનગ્રસ્ત ખેડૂતોને સીધી પદ્ધતિ અપનાવીને તેઓના બેંક ખાતામાં સહાય ચુકવવામાં આવેલ છે. જેમાં વર્ષ ૨૦૨૦–૨૧ થી આજ દિન સુધીમાં **૨૯,૭૪,૩૭૭** નુકસાનગ્રસ્ત ખેડૂતોને **૩.૪,૬૨૫.૬૦ કરોડ**ની સહાય ચુકવવામાં આવેલ છે. સર્વે બાબતે કોઈપણ ગેરરીતિની રજૂઆત મળ્યેથી જરૂરી પગલાં લેવામાં આવે છે.

➢ માર્ચ–૨૦૨૩ માં પડેલ કમોસમી વરસાદ અન્વયે **૧૩ જિલ્લાઓમાં ૩૭,૦૪૫ ખેડૂતોને** કુલ **૩.૮૫.૪૯/– કરોડ**ની સહાય ચૂકવવામાં આવેલ છે.

➢ જમીન ચકાસણીની કામગીરીની વાત કરુ તો રાજયમાં **૨૦** જમીન ચકાસણી પ્રયોગશાળા પૂરતા મહેકમ સાથે કાર્યરત છે અને કામગીરી સમયસર કરવામાં આવે છે.

**માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક અગત્યની નવી બાબતોની વિગતો આપના માધ્યમથી ગૃહના સભ્યો સમક્ષ રજૂ કરવા માંગુ છું.**

૧. મગફળી, ડાંગર, ઘઉં, કઠોળ વિગેરે પાકોના પ્રમાણિત બિયારણ હેઠળનો વિસ્તાર વધે અને પ્રમાણિત થયેલ બિયારણોનો જથ્થો ખેડુતો દ્વારા વધુમાં વધુ પ્રમાણમાં વાપરવામાં આવે તેવા ઉમદા આશયથી **સીડ રીપ્લેસમેન્ટ રેટ (SRR) માં વધારો કરવાની નવી બાબત માટે એંશી કરોડની** જોગવાઇ સૂચવેલ છે. આ યોજનાથી ખેડુતોમાં નવી, પ્રચલિત અને વધુ ઉત્પાદન આપતી જાતોનો વ્યાપ વધશે, ગુણવત્તાયુક્ત ઉત્પાદનમાં વધારો થશે, થોડાવત્તા અંશે બિયારણ ખર્ચ ઘટશે અને પરિણામે ખેડૂતની આવકમાં વધારો થશે.

૨. સંપૂર્ણ સ્વદેશી રીતે વિકસિત **પ્રવાહી નેનો યુરિયા ખાતરનો** વપરાશ વધવાથી દાણાદાર રાસાયણિક ખાતરનો ઉપયોગ, ખેતી ખર્ચ અને ખાતરના પરિવહન માટે થતો ખર્ચ ઘટશે.

- છેલ્લા બે વર્ષના સતત પ્રયત્નથી નેનો ખાતરના વપરાશ પ્રત્યે ખેડુતોના વલણમાં સુધારો જોવા મળેલ છે. ખેડુતો દ્વારા ચાલુ વર્ષે આજની તારીખે લગભગ **૨૫ લાખ બોટલ** વાપરવામાં આવેલ છે.

➢ રાજ્યમાં નેનો ખાતર વાપરવા માટે ખેડુતોને પ્રોત્સાહિત કરવા જરૂરી હોઇ અંદાજપત્રમાં **પીસ્તાલીસ કરોડની** નવી બાબત સૂચવેલ છે જેનાથી **આશરે ૧૪ લાખ** જેટલા ખેડુતોને લાભ મળશે.

૩. છાણીયા ખાતર અને સેન્દ્રીય ખાતરોનો વપરાશ ઘટતા અને વધુ પાક ઉત્પાદન લેવા રાસાયણિક ખાતરોનો ઉપયોગ વધવાના પરિણામે જમીન સ્વાસ્થ્ય અને જમીન જૈવિકતા પર વિપરીત અસરો થઇ છે અને ખેતી ખર્ચ પણ વધ્યો છે.

➢ આ સંજોગોમાં આવશ્યક બાબત એવી **જમીન સ્વાસ્થ્યની જાળવણી માટે લિક્વિડ ફેર્મેન્ટેડ ઓર્ગેનિક મેન્યોર એટલે કે પ્રવાહી સેંન્દ્રિય ખાતરના ઉપયોગને પ્રોત્સાહન આપવા** રાજ્યના **દરેક તાલુકામાં ક્લસ્ટર ધોરણે ૧૦૦ એકરમાં ૨૪,૮૦૦ જેટલા નિદર્શનો (પ્રતિ એકરે રૂ.૪૦૦૦/-ના)** આપવાના આશયથી **નવી બાબત માટે નવ કરોડ બાણું લાખની** જોગવાઈ સૂચવેલ છે. જેનાથી જમીનમાં ઓર્ગેનિક કાર્બન વધશે, ભેજ સંગ્રહ શક્તિમાં સુધારાની સાથો સાથ ઈનપુટની કાર્યક્ષમતામાં વધારો થવાથી ખેતી

ખર્ચ ઘટશે, જમીનની પ્રત સુધરતા પાકની ઉત્પાદકતામાં વધારો થશે અને ખેડૂતો આર્થિક રીતે સધ્ધર થશે.

➢ રાજ્યના તમામ ખેડુતો સુધી પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ પહોંચે અને વ્યાપ વધે તે માટે સરકારશ્રી દ્વારા વિવિધ યોજનાઓ અમલી કરી પ્રાકૃતિક કૃષિ અભિયાન ચલાવેલ છે. **ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની** રચના કરવામાં આવેલ છે.

➢ રાજયમાં **છેલ્લા ત્રણ વર્ષમાં નવ લાખથી વધારે ખેડુતો ૭ લાખ ૫૬ હજાર એકર** થી વધુ જમીનમાં પ્રાકૃતિક કૃષિ કરતા થયા છે.

➢ દેશી ગાયના નિભાવ ખર્ચ માટે અત્યાર સુધીમાં **૧.૮૪ લાખ** લાભાર્થી ખેડૂતોને **૩.૫૦૬ કરોડ** જેટલી સહાય આપવામાં આવી છે.

➢ પ્રાકૃતિક કૃષિ પધ્ધતિમાં વિશેષ સંસાધનો તથા શિક્ષણ માટે **ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીની** સ્થાપના કરવામાં આવેલ છે.

➢ પ્રાકૃતિક કૃષિ પધ્ધતિની ઝુંબેશ માટે રાજ્યથી ગ્રામ્ય કક્ષા સુધીની સમગ્ર વ્યવસ્થા સુદ્રઢ કરવાની નવી બાબત માટે **એકસો**

**ચૌદ કરોડ એંસી લાખની** તેમજ જીવામૃત અને ઘનજીવામૃત બનાવી ખેડૂતોમાં વિતરણ કરવા જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે સહાય આપવાની નવી બાબત માટે **ચાર કરોડ વીસ લાખની** જોગવાઈ અંદાજપત્રમાં સૂચવેલ છે.

➢ આપણા રાજ્યનો ખેડૂત હાઇ ટેક બની નેનો ટેકનોલોજી અપનાવતો થયો છે. ભવિષ્ય હજુ આનાથી પણ સારૂં હશે. આપણો ખેડૂત આનાથી પણ આગળ ને આગળ વધી આર્થિક સમૃધ્ધ બનશે તે સુનિશ્ચિત છે.

**બાગાયત પ્રભાગ**

**માન.અધ્યક્ષશ્રી...**

**બાગાયતી પાકોની વાત કરુ તો....**

- **બાગાયતી પાકો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે "પોષણ સુરક્ષા" માં ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. ફળ, શાકભાજી જેવા બાગાયતી પાકો અતિ મુલ્યવાન, પોષણવર્ધક અને એકમ વિસ્તાર દીઠમાં વધુ આવક રળી આપે છે. જેથી બાગાયતી ખેતી, એક આધુનિક વ્યવસાય તરીકે વિકસી રહી છે.**
- **"અદ્યતન ટેકનોલોજી" અને સરકારશ્રીના સહકાર થકી ખેડૂતો આજે ફળ અને શાકભાજીના ક્લસ્ટર બનાવી નિકાસલક્ષી ખેતી કરતા થયા છે.**
- **બાગાયત વિભાગની સિધ્ધીઓની વાત કરીએ તો..........**
- બાગાયતી ખેતીનો વ્યાપ વધારવા છેલ્લાં ૨૦ વર્ષમાં **૩૮ લાખ બાગાયતદારોને ३.૩,૩૫૩.૭૮ કરોડ**ની પ્રોત્સાહક સહાય આપવામાં આવેલ છે. જેના પરિણામે ફળ, શાકભાજી જેવા

બાગાયતી પાકોના વિસ્તારમાં **૧૬૦ %** નો અને ઉત્પાદનમાં **૨૮૭%** નો વધારો થયેલ છે.

➢ ગુજરાતની વિશિષ્ટ આબોહવા, ખેડૂતોની રુચિ અને સરકારશ્રીની વિવિધ ખેડૂત કલ્યાણકારી યોજનાઓ થકી **પપૈયા, ચીકુ, વરિયાળી, અજમો, ભીંડાના વિસ્તાર** અને ઉત્પાદનમાં જ્યારે **બટાકા, ડુંગળી, વરીયાળી**ની ઉત્પાદકતામાં દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે.

➢ સરકારશ્રીના પ્રયાસો તેમજ પ્રોત્સાહક નીતિઓને લીધે, **"ગીરની કેસર કેરી"** અને **"કચ્છી ખારેક"** આપણા રાજ્યની આગવી અને વૈશ્વિક ઓળખ બનેલ છે.

**બાગાયત ખાતાની વર્ષ ૨૦૨૪-૨૫ની નવી યોજનાઓ અંગે જણાવું તો ..**

➢ રાજ્યમાં **બાગાયતી પાકોની સંગ્રહ ક્ષમતા વધારવા મોટા કોલ્ડ સ્ટૉરેજ/શીત સંગ્રહ સ્થાપવા રૂ.૫૦.૦૦ કરોડ**ની અને **બાગાયતી ઉત્પાદનને બજાર સાથે સાંકળવા માળખાકીય સુવિધા** પૂરી પાડવા **રૂ.૧૫.૦૦ કરોડ**ની નવી બાબત સૂચવેલ છે. આ

યોજનાઓનાં કારણે બાગાયતી પાકોની સુવ્યવસ્થિત જાળવણી થશે તેમજ ખેડૂતોને સારા ભાવો પણ મળશે.

- રાજ્યમાં જૂની પરંપરાગત બાગાયતી ખેતીને અદ્યતન ટેકનોલોજીયુક્ત કરવા માટે ગાંધીનગર, દાહોદ, અમરેલી અને થરાદ ખાતે કુલ ૫ (પાંચ) નવા સેન્ટર ઓફ એક્સેલન્સ ઊભા કરવા **રૂ.૧૫.૦૦ કરોડ**ની જોગવાઈ સૂચવેલ છે. જે થકી રાજ્યના ખેડૂતોને પ્લગ નર્સરી, સ્માર્ટ હોર્ટીકલ્ચર, પ્રીસીઝન ફાર્મીંગ જેવાં વિવિધ પાસાઓનાં નિદર્શન અને તાલીમ માટે વ્યવસ્થા કરવામાં આવશે.
- ખેડૂતોને ગુણવત્તાયુક્ત કલમો અને ધરૂ/ રોપા ઉછેરી સમયસર વ્યાજબી કિંમતે મળી રહે તે હેતુથી નર્સરીઓમાં યાંત્રિકરણ અને ઉત્પાદકતા વધારવાના કાર્યક્રમ હેઠળ **રૂ. ૧૫.૪૯ કરોડ**ની જોગવાઈ સૂચવવામાં આવી છે.
- પ્રજાજનોના સ્વાસ્થ્ય સુખાકારી માટે **"શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવાની યોજના"** હેઠળ **રૂ. ૧૦.૦૦ કરોડ**ની નવી બાબત સૂચવવામાં આવેલ છે.

➢ રાજ્યમાં મસાલા અને પપૈયા પાકની એકમ વિસ્તાર દીઠ ઉત્પાદકતા વધારવા **રૂ.૧૨.૦૦ કરોડની તેમજ** ફળપાકોના જુના બગીચાઓને નવસર્જન કરવા માટેની યોજના હેઠળ **રૂ.૬.૦૦ કરોડની** જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

➢ **"આદિજાતિ વિસ્તારના મધમાખી પાલકોને રોજગારી સર્જન હેતુસર વિનામૂલ્યે મધમાખીની હાઈવ્સ તથા કોલોની આપવાની યોજના"** હેઠળ **રૂ.૫.૮૩ કરોડ** ની જોગવાઈ સૂચવવામાં આવી છે.

➢ ગુણવત્તાયુક્ત અને નિકાસલક્ષી બાગાયતી પાકોના ઉત્પાદન માટે **"ક્રોપ કવર થકી ફળપાકો અને શાકભાજી પાકોની રક્ષીત ખેતી માટેના કાર્યક્રમ"** હેઠળ **રૂ.૫.૦૦ કરોડ**ની જોગવાઈ સૂચવવામાં આવી છે.

**માનનીય અદ્યક્ષશ્રી,**

**નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસની માંગણી ક્રમાંક:–૩ અંગે વાત કરુ તો...**

➢ જળ વ્યવસ્થાપન અને અમલમાં મૂકાયેલ ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓ થકી કૃષિ ક્ષેત્રમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળેલ છે. **વર્ષ ૨૦૦૫માં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી માન.નરેન્દ્રભાઇ મોદીએ કૃષિ મહોત્સવના એક વિશિષ્ટ અભિયાન દ્વારા ''લેબ ટુ લેન્ડ'' ના નવા સૂત્ર સાથે કૃષિ વિજ્ઞાન અને કૃષિ સંસ્કૃતિનો સુભગ સમન્વય કરાવ્યો.** જેમાં કૃષિલક્ષી વિસ્તરણ પ્રવૃત્તિઓ, ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓ, જળ સંચય અને જળ વ્યવસ્થાપન વિગેરે દ્વારા ખેડૂતોમાં પાણીના કરકસર યુક્ત અને કાર્યક્ષમ ઉપયોગ માટે જાગૃતિ લાવવામાં આવી.

**માનનીય અદ્યક્ષશ્રી,**

➢ આપણા તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી દિર્ઘદ્રષ્ટા એવા માન. નરેન્દ્રભાઇ મોદીએ **સુક્ષ્મ સિંચાઇ પધ્ધતિને પ્રોત્સાહન મળી રહે તે માટે વર્ષ ૨૦૦૫માં સ્પેશીયલ પરપર્ઝ**

**વ્હિકલ તરીકે જી.જી.આર.સી.ની સ્થાપના કરી.** જેમાં **ટપક પિયત પધ્ધતિ અને ફુવારા પિયત પધ્ધતિ** વસાવવા માટે રાજયના ખેડૂતોને અત્યાર સુધીમાં **૩.૮,૧૦૦/–** કરોડથી વધુની માતબર રકમની સહાય આપવામાં આવી છે.

➢ રાજ્ય સરકાર દ્વારા સુક્ષ્મ પિયત પધ્ધતિ વાપરતા ખેડૂતો માટે **પાણીના ટાંકા બનાવવા માટે પણ સહાય** આપવામાં આવે છે.

➢ સરકારશ્રીના જળ સંચય અને જળ વ્યવસ્થાપન માટેના વિવિધ પ્રયાસોના કારણે સિંચાઇ સુવિધામાં વધારો થયેલ છે. જેના કારણે રાજયનો ચોખ્ખો પિયત વિસ્તાર **૬૧ લાખ હેક્ટરથી વધુ** થયો છે.

➢ સિંચાઈની સુવિધાઓ વધવાના કારણે ખેતીમાં જેનો મહત્તમ ઉપયોગ થાય છે તેવા **ટ્રેકટરો તથા કૃષિ યાંત્રિકીકરણના વિવિધ સાધનોની સંખ્યામાં પણ વધારો** થયેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ સઘળા પ્રયત્નોના પરિણામ સ્વરૂપ આપણા રાજ્યએ કૃષિ ક્ષેત્રે નોંધપાત્ર સિધ્ધિ હાંસલ કરી છે. જેની વિગત સન્માનનીય સભ્યો સમક્ષ રજુ કરૂં તો,

- છેલ્લા બે દાયકામાં **ખાદ્ય પાક ઉત્પાદનમાં ૧૨૦% જેટલો, તેલીબીયા ઉત્પાદનમાં ૯૪% જેટલો અને કપાસ ઉત્પાદનમાં ૩૩૩% જેટલો વધારો** નોંધાયેલ છે.
- કૃષિ ક્ષેત્રે દેશમાં આપણા રાજ્યનુ સ્થાન જોઈએ તો **દિવેલા અને મગફળીના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે જ્યારે કપાસ પાકના વાવેતર અને ઉત્પાદનમાં દ્વિતીય સ્થાન** ધરાવે છે. **દિવેલા અને મગફળીના પાક વાવેતરમાં પ્રથમ સ્થાન** ધરાવે છે. ઉત્પાદકતા વિષે જણાવું તો **ચણા અને રાઈની ઉત્પાદકતામાં દેશમાં પ્રથમ નંબરે** છે.

**પશુપાલન પ્રભાગ....**

**માન. અધ્યક્ષશ્રી..**

**પશુપાલન પ્રભાગની માંગણી ક્રમાંક:–૪ અંગે જણાવું તો.......**

**પશુ આરોગ્ય સેવાઓ અંતર્ગત**

- તમામ સરકારી પશુ સારવાર સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે પશુ સારવારની સુવિધા માટેની **"મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુસારવાર યોજના"** હેઠળ પશુ દવાખાના ખાતે દવાઓનો પૂરતો જથ્થો સુનિશ્ચિત થાય તે માટે વિવિધ પશુ સારવાર સંસ્થાદીઠ થતી જોગવાઈમાં વર્ષ ૨૦૨૪–૨૫માં નોંધપાત્ર વધારો કરી કુલ રૂ**.૪૨ કરોડ ૮૪ લાખ**ની જોગવાઈ સૂચવી છે.
- હાલમાં શહેરી વિસ્તારમાં કાર્યરત ૩૭ **"કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ–૧૯૬૨"** એકમોની સેવાઓ માટે **રૂ. ૯ કરોડ ૧૩ લાખ અને**
- **"દસ ગામ દીઠ એક ફરતું પશુ દવાખાનું યોજના"** હેઠળ **૫,૩૦૦** થી વધુ ગામોને સેવા પુરી પાડતા **કુલ ૪૬૦** મોબાઇલ પશુદવાખાના માટે **રૂ. ૬૧ કરોડ ૨૫ લાખ**

➢ ભારત સરકારના પશુપાલન અને ડેરી વિભાગ દ્વારા ગુજરાત માટે મંજૂર કરવામાં આવેલ **૧૨૭ મોબાઈલ વેટરનરી યુનીટ**ની સેવાઓ વર્ષ ૨૦૨૪–૨૫માં કાર્યરત રાખવા માટે કુલ **રૂ. ૧૬ કરોડ ૯૬ લાખ**

➢ વધુ **૫૦ નવા ફરતાં પશુ દવાખાના શરૂ કરવા** માટે વર્ષ ૨૦૨૪–૨૫ના અંદાજપત્રમાં કુલ **રૂ. ૬ કરોડ ૨૮** લાખની જોગવાઈ સૂચવેલ છે.

➢ આમ રાજ્યમાં પશુ સારવાર માટે પૂરતી સંખ્યામાં હરતા–ફરતા પશુ દવાખાના શરૂ કરવામાં આવેલ છે અને વધુ ફરતા પશુ દવાખાના શરૂ કરવા માટે પણ વર્ષ ૨૦૨૪–૨૫ના બજેટમાં આયોજન કરેલ છે.

➢ વધુ **૬૫ નવા સ્થાયી પશુ દવાખાના શરૂ કરવા** માટે વર્ષ ૨૦૨૪–૨૫ના અંદાજપત્રમાં **કુલ રૂ.૪ કરોડ ૩૫ લાખ**ની જોગવાઈ સૂચવેલ છે.

➢ રાજ્યના તત્કાલિન માન. મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન

હેઠળ વર્ષ ૨૦૦૨–૦૩થી શરૂ કરાયેલ **"રાજ્યવ્યાપી પશુ આરોગ્ય મેળા અભિયાન"** અંતર્ગત વર્ષ ૨૦૨૪–૨૫માં પણ ૪,૪૯૭ પશુ આરોગ્ય મેળાના આયોજન માટે કુલ **રૂ.૨ કરોડ ૨૬ લાખ**ની જોગવાઈ સૂચવેલ છે.

- પશુઓને **થાયલેરીયાસીસ** રોગ સામે સુરક્ષિત કરવા રસીકરણ માટે કુલ **રૂ. ૭ કરોડ ૫૬ લાખ**ની જોગવાઈ પણ આ અંદાજપત્રમાં સૂચવી છે.

**પશુ સંવર્ધન સેવાઓની બાબતે જણાવું તો**

- વૈજ્ઞાનિક ઢબે પશુ સંવર્ધન માટેની કૃત્રિમ બીજદાન, લૈગિંક સીમેન ટેકનોલોજી અને આઈ.વી.એફ. ટેકનોલોજીનો રાજ્યના પશુપાલકો મહત્તમ લાભ લે અને પ્રતિ પશુ વધુ ઉત્પાદન મેળવી પશુપાલન વ્યવસાય વધુ નફાકારક બને તે માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના અનેક કાર્યક્રમો અમલમાં છે.

- પશુપાલન પ્રભાગ હેઠળનાં ફ્રોઝન સીમેન સ્ટેશન, પાટણ ખાતે છેલ્લા પાંચ વર્ષમાં કુલ **૧ કરોડ ૨૭ લાખ**થી વધુ થીજવેલ સીમેન ડોઝનું ઉત્પાદન કરવામાં આવેલ છે.

➢ ભારત સરકારશ્રીના **"રાષ્ટ્રવ્યાપી કૃત્રિમ બીજદાન કાર્યક્રમ (NAIP)"** અંતર્ગત આપણા રાજ્યમાં અત્યાર સુધીમાં ચાર તબક્કાઓમાં **કુલ ૪૪ લાખ**થી વધુ કૃત્રિમ બીજદાનની કામગીરી થઈ છે

➢ આગામી વર્ષે રાજ્યમાં ૩,૪૬૨ જેટલા **પશુ જાતીય આરોગ્ય કેમ્પ**ના આયોજન માટે **કુલ રૂ. ૨ કરોડ ૮ લાખની** જોગવાઈ સૂચવી છે.

➢ કેન્દ્ર સરકારની સહાયથી પાટણ ખાતે કાર્યરત કરવામાં આવેલ **"લૈગિંક સીમેન લેબૉરેટરી"** માં ઉત્પાદિત થયેલ લૈગિંક સીમેન ડોઝનાં ઉપયોગ થી ૯૨ ટકાથી વધુ વાછરડી–પાડીનો જન્મ થઈ રહ્યો છે અને તેના પરિણામે પશુપાલન વ્યવસાય વધુ નફાકારક બની રહ્યો છે.

➢ પાટણ ખાતે કાર્યરત **"લૈગિંક સીમેન લેબૉરેટરી" માં વધુ લૈગિંક સીમેન ડોઝ ઉત્પાદન માટે તેમજ સુરત જીલ્લાના માંડવી ખાતે નવનિર્મિત ફ્રોઝન સીમેન સ્ટેશનની મશીનરી** માટે **કુલ રૂ. ૪ કરોડ ૫૦ લાખ**ની જોગવાઈ સૂચવી છે.

**પશુપાલન અને ડેરી ક્ષેત્રે સહાયની બાબતમાં જોઈએ તો,**

➢ પશુમૃત્યુના સંજોગોમાં વીમાની રકમમાંથી પશુપાલક નવું પશુ ખરીદી પશુપાલન વ્યવસાય ચાલુ રાખી શકે તેવા શુભ આશયથી કેન્દ્ર પુરસ્કૃત **નેશનલ લાઈવસ્ટોક મિશન યોજના હેઠળની પશુધન વીમા યોજનાના લાભાર્થીઓને રાજ્ય સરકારની વધારાની સહાય** માટે **રૂ. ૨૩ કરોડ ૮૦** લાખની જોગવાઈ સૂચવી છે.

➢ આકસ્મીક મૃત્યુ/કાયમી અપંગતાના કિસ્સામાં ખેતીવાડી ખાતાની ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજનામાં લાભથી વંચિત રહી જતા જમીનવિહોણા પશુપાલકો માટે **પશુપાલક અકસ્માત વીમા યોજના** માટે **રૂ.૧૦ કરોડ**ની જોગવાઈ સૂચવી છે.

➢ પ્રોજેની ટેસ્ટીંગ પ્રોજેક્ટ અંતર્ગત કૃત્રિમ બીજદાનથી જન્મેલ ઉચ્ચ ગુણવત્તા ધરાવતાં માદા પશુના વૈજ્ઞાનિક ઢબે બે વર્ષ સુધીના ઉછેર માટે રાજ્યના જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘો મારફતે **પાડી–વાછરડી ઉછેર યોજના** અમલમાં મૂકવા માટે રૂ.૧૦ કરોડ ૫૦ લાખની જોગવાઈ સૂચવેલ છે.

➢ અંદાજે ૧ લાખ ૩૦ હજાર પશુપાલકોનાં **ગાભણ/વિયાણ થયેલ પશુઓ માટે સમતોલ ખાણદાણ** પૂરા પાડવા **કુલ ૩.૫૪ કરોડ ૫૭ લાખની** જોગવાઈ સૂચવેલ છે.

➢ પશુપાલન વ્યવસાય થકી ગ્રામ્ય રોજગારીનું નિર્માણ થાય તે માટે ૧ થી ૨૦ દૂધાળા પશુનાં એકમની સ્થાપના પર વ્યાજ સહાય, ૧૨ દુધાળા પશુના ફાર્મની સ્થાપના માટે સહાય અને ૫૦ દુધાળા પશુઓના એકમની સ્થાપના માટે સહાયની યોજનાઓમાં કુલ **૩.૬૨ કરોડ ૪૫ લાખની** જોગવાઈ સૂચવવામાં આવી છે.

➢ રાજ્યમાં અનુસૂચિત જન જાતિના લાભાર્થીઓ **૧,૦૦૦ બ્રોઈલર પક્ષીના ફાર્મ**ની સ્થાપના થકી મરઘાંપાલન વ્યવસાય દ્વારા આવક મેળવી શકે તે માટે કુલ એકમ ખર્ચનાં ૯૦ ટકા સહાય માટે પ્રથમ વર્ષે **૩.૨ કરોડ ૪૫ લાખ**ની જોગવાઈ સૂચવી છે.

➢ સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના ડેરી સંઘોને રાજ્યના અન્ય વિકસિત ડેરી સંઘોની હરોળમાં લાવવાના હેતુસર આ વિસ્તારના સહકારી દૂધ ઉત્પાદક સંઘોને માળખાકિય સુવિધાઓ વિકસાવવા

માટે સહાયની યોજના માટે વર્ષ ૨૦૨૪–૨૫ના અંદાજપત્રમાં રૂ. **૧૦ કરોડ**ની જોગવાઈ સુચવેલ છે.

**પશુપાલન વિસ્તરણ સેવાઓના ક્ષેત્રે**

➢ પશુપાલનમાં ઉચ્ચ કોટિના અભિગમ અપનાવનાર **"૫૬૫ શ્રેષ્ઠ પશુપાલકોને પુરસ્કાર"** આપીને પ્રોત્સાહિત કરવાની યોજનામાં પુરસ્કારની રકમમાં વધારો કરી વર્ષ ૨૦૨૪–૨૫ માટે કુલ **રૂ.૧ કરોડ**ની જોગવાઈ સૂચવી છે.

➢ પશુ પ્રદર્શન હરીફાઈ, જિલ્લા અને તાલુકા પશુપાલન શિબિર, પશુપાલકો માટે તાલીમ અને પ્રેરણા પ્રવાસનાં આયોજન વગેરે **વિસ્તરણલક્ષી કાર્યક્રમો** માટે આ અંદાજપત્રમાં રૂ.૩ કરોડ ૬૬ લાખની જોગવાઈ સૂચવી છે.

➢ પશુપાલન ખાતાની સંસ્થાઓનાં નવીન બાંધકામ અને મરામત માટે કુલ **રૂ.૬૪ કરોડ ૭ લાખ**નાં કામો અંદાજપત્રમાં સૂચવ્યા છે.

**ગૌસંવર્ધન વિષયક સહાયની બાબતમાં જોઈએ તો,**

- માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનાં નેતૃત્વમાં રાજ્ય સરકારે જાહેર કરેલ **"મુખ્યમંત્રી ગૌ–માતા પોષણ યોજના"**નો માન. વડાપ્રધાનશ્રી દ્વારા શુભારંભ કરાયો હતો.
- આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨–૨૩ માં ૧૨૧૧ ગૌશાળા–પાંજરાપોળના કુલ ૩ લાખ ૨૨ હજાર પશુઓ માટે કુલ રૂ.૧૭૫ કરોડ ૮૮ લાખની સહાય ચુકવવામાં આવેલ.
- ચાલુ વર્ષે આ યોજનામાં પ્રથમ ૬ માસના સમયગાળા માટે ૧૨૨૫ ગૌશાળા–પાંજરાપોળના કુલ ૩ લાખ ૬૭ હજાર પશુઓ માટે કુલ રૂ.૧૭૬ કરોડ ૨૩ લાખની સહાય ચૂકવવામાં આવેલ છે તથા બાકીના સમયગાળા માટે સહાય ચૂકવવાનુ આયોજન છે.
- વર્ષ ૨૦૨૪–૨૫ નાં અંદાજપત્રમાં આ યોજના માટે **રૂ. ૪૨૫ કરોડ** જેટલી માતબર જોગવાઈ સૂચવી છે.

## **કામધેનુ યુનિવર્સિટી**

- કામધેનુ યુનિવર્સિટી હેઠળ પશુપાલન અને ડેરી વિકાસ સંબંધિત વિવિધ કાર્યક્રમો માટે અંદાજપત્રમાં **કુલ રૂ. ૩૧૨ કરોડ ૧૫ લાખની જોગવાઈ** સૂચવવામાં આવેલ છે.

- કામધેનુ યુનિવર્સિટી હેઠળ **"રામના મુવાડા"** ખાતે **"ડગરી ગાય"** માટે ન્યૂક્લીયસ હર્ડની સ્થાપના માટે તથા વેટરનરી ક્લિનિકલ કોમ્પ્લેક્ષ, આણંદ ખાતે રોગ નિદાન માટે આધુનિક લેબોરેટરી અને સંશોધનની સુવિધા માટે **કુલ રૂ. ૫ કરોડ ૨૧ લાખ**

- કામધેનુ યુનિવર્સિટી હેઠળ આણંદ ખાતે રેબીસ (હડકવા) માટે નિદાન અને સંશોધન કેન્દ્ર, પશુ ચિકિત્સા અને પશુપાલન સંશોધન અને વિસ્તરણ એકમ તેમજ સેન્ટર ઓફ એક્સલન્સ ઈન વન હેલ્થ એન્ડ ફૂડ સેફ્ટીની સ્થાપના માટે **કુલ રૂ. ૪ કરોડ ૩૦ લાખ**

- કામધેનુ યુનિવર્સિટી અંતર્ગત વિવિધ સંસ્થાઓ તેમજ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષનાં બાંધકામ માટે કુલ **રૂ ૩૮ કરોડ ૪૫ લાખની** જોગવાઈ સૂચવી છે.

**મત્સ્યોદ્યોગ પ્રભાગ**

**માન.અધ્યક્ષશ્રી**

મત્સ્યોદ્યોગ પ્રભાગની મારી **માંગણી ક્રમાંક :– ૬** અન્વયે માછીમારોને વિવિધ પેકેજ અને યોજનાઓના પૂરતા લાભો–સુવિધા આપવા અંગેની વાત કરુ તો..

**મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા વર્ષ ૨૦૨૧–૨૨, અને ૨૨–૨૩ દરમિયાન અનુક્રમે આશરે ૩,૫૨૦ અને ૪,૮૮૪ લાભાર્થીઓને આઈ ખેડુત પોર્ટલ દ્વારા રાજયની અને કેન્દ્રની યોજનાઓના પૂરતા લાભ–સુવિધા આપવામાં આવે છે**

**માન.અધ્યક્ષશ્રી**

રાજયના બંદરગાહ વિસ્તારોના માછીમારોને માળખાકીય પાયાની સુવિધાઓ પુરી પાડવામાં માટે રાજય સરકાર કટિબધ્ધ અને સતત પ્રયત્નશીલ છે. તે અંગે જણાવુ તો..

**રૂ.૮૫૫.૦૦ કરોડના ખર્ચે કુલ ૩૩ મત્સ્ય ઉતરાણ કેન્દ્રો અને રૂ.૧,૩૦૭.૦૨ કરોડના ખર્ચે કુલ ૫(પાંચ) મત્સ્ય બંદરો ખાતે બર્થીંગ ,લેન્ડીગ, લાઇટ, આંતરીક રસ્તા, ટોઈલેટ બ્લોક અને**

પાણીની લગત પાયાની માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા તેમજ હયાત માળખાકીય સુવિધાઓની નિભાવણી અને સુધારણાની કામગીરી સતત પ્રગતિ હેઠળ છે.

**માન.અધ્યક્ષશ્રી**

રાજ્ય સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ થી ખાનગી એકમો અને ઉદ્યોગ સાહસિકો તથા અન્યોને આઈસ પ્લાન્ટ અને કોલ્ડ સ્ટોરેજની સ્થાપનાના ઘટક તળે અંદાજીત કુલ ૧૪ જેવા આઈસ પ્લાન્ટ અને કોલ્ડ સ્ટોરેજની સ્થાપના કરવામાં આવેલ છે. તેમજ માછલીના જાળવણીપૂર્ણ ટ્રાન્સ્પોર્ટેશન માટે અંદાજીત ૩૦ જેટલા ઈન્સ્યુલેટેડ તેમજ રેફ્રીજરેટેડ વ્હીકલની સહાય આપવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી**

છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર તેમજ રાજ્ય સરકારના સઘન પ્રયત્નોના પરીણામે રાજ્યના **૪૬૭** માછીમારોને પાકિસ્તાન જેલમાંથી મુક્ત કરાવવામાં આવેલ છે. માછીમારો આંતરરાષ્ટ્રિય જળ સીમા નજીક ન જાય તે માટે આધુનિક સાધનો જેવા કે, જી.પી.એસ.(ગ્લોબલ

**પોઝીશન સીસ્ટમ) ખરીદી પર સહાય તથા મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા ઓનલાઈન બોટ ટોકન સોફ્ટવેર દ્વારા સઘન મોનીટરીંગ કરવામા આવી રહેલ છે. તેમજ કેન્દ્ર તેમજ રાજ્યના આ વિષય ઉપરના નિરંતર પ્રયાસો અને માછીમાર જાગૃતિ અભિયાનને કારણે અગાઉના વર્ષોની તુલનામાં છેલ્લા બે વર્ષમાં ઓછી સંખ્યામાં માછીમારોનું અપહરણ થયેલ છે.**

આમ રાજ્ય સરકારશ્રી દ્વારા મત્સ્યોદ્યોગના વિકાસ માટે તમામ સ્તરે જરૂરી પગલાં સમયસર લેવામાં આવેલ છે.

- ગુજરાતનાં **૧,૬૦૦** કી.મી. વિશાળ દરિયા કિનારાના **૧૪** જિલ્લાઓના **૨૬૦** ગામો દરિયાઈ મત્સ્યપાલન પર આધારિત છે અને આંતરદેશીયના **૭૯૮** ગામો મળી ને કુલ **૧,૦૫૮** ગામો મત્સ્ય પાલન સાથે સંકળાયેલા છે.
- ભારતના કુલ દરિયાઈ મત્સ્ય ઉત્પાદનમાંથી વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાતનો ફાળો અંદાજિત **૧૫.૮૬ %** જેટલો છે.
- ગુજરાત રાજ્યની મત્સ્યની પરદેશ નિકાસ વર્ષ ૨૦૦૧-૦૨ માં **૧.૩૨ લાખ મેટ્રીક ટન** હતી જે વધીને વર્ષ ૨૦૨૨-૨૩માં

૨.૮૫ લાખ મેટ્રીક ટન થયેલ છે. દેશની કુલ મત્સ્ય પેદાશોની નિકાસમાં ગુજરાત **૧૬.૪૨%** જેટલો હિસ્સો ધરાવે છે.

**મત્સ્યોદ્યોગ ક્ષેત્રે માળખાકીય સુવિધાઓનો વિકાસ**

➢ હાલના હયાત મત્સ્ય કેન્દ્રો ઉપર સાર-સંભાળ, રખરખાવ અને મરામત તેમજ મૂળભૂત સુવિધાઓને સબળ બનાવવા માટે **રૂ.૨૦૫.૪૧ કરોડ** (રૂપિયા બસો પાંચ કરોડ, એકતાલીસ લાખ) ની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

➢ જેમાં મત્સ્યકેન્દ્રોના નિભાવ, વ્યવસ્થાપન, માળખાકીય સુવિધા ઉભી કરવાના કામો, ડ્રેજીંગ, ડ્રેનેજ માટે તથા **ઉમરસાડી** તેમજ **ચોરવાડ** ખાતે ફલોટીંગ જેટી બનાવવા, કચેરીઓના રીનોવેશન, વિગેરે કામો માટે જોગવાઇનો સમાવેશ થાય છે.

➢ તેમજ **વલસાડ** જીલ્લાના કોસંબા, તડગામ, કલાઇ, મગોદ-ડુંગરી, ઉમરગામ, મરોલી, ફણસા, નારગોલ, ખતલવાડા, દાંતી, **નવસારી** જીલ્લાના ભાટ/રાણા, કૃષ્ણપુરા, વાંસી-બોરસી, ઓંજલ,**ગીર-સોમનાથ** જીલ્લામાં કોટડા, મૂળ-દ્વારકા, સીમર, **જામનગર** જીલ્લાના સિક્કા, **દેવ-ભૂમી દ્વારકા** જીલ્લાના બેટ –

દ્વારકા, **ભાવનગર** જીલ્લાના મહુવા, મોરબી જીલ્લાના નવલખી, **કચ્છ** જીલ્લાના કોટેશ્વર, લુણી, માંડવી અને **જુનાગઢ** જીલ્લાના માંગરોળ બારા ખાતે મત્સ્ય ઉતરણ કેન્દ્રોના આધુનિકરણની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે.

- રાજયમાં ચાર નવા બારમાસી મત્સ્ય બંદરો નવાબંદર, વેરાવળ–૨, માઢવાડ અને સૂત્રાપાડા વિકસાવવા નાબાર્ડ લોન સહાય હેઠળ મત્સ્યોધોગ કેન્દ્રો નું નિર્માણ યોજના હેઠળ **રુ.૩૩૮ કરોડ** (રૂપિયા ત્રણસો આડત્રીસ કરોડ) ની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

- માંગરોળ ખાતે મત્સ્ય બંદર વિકસાવવા કેન્દ્ર પુરસ્કૃત યોજના તળે કેન્દ્ર ફાળા અને રાજ્ય ફાળા પેટે કુલ **રુ.૬૨.૫૬ કરોડ** (રૂપિયા બાસઠ કરોડ, છપ્પન લાખ)ની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

## દરિયાઈ મત્સ્યોદ્યોગ

- ૨૦ મીટર થી ઓછી લંબાઇની યાંત્રિક હોડીઓમાં વપરાતાં હાઇસ્પીડ ડીઝલ ઓઇલ પરની વેરા રાહતની યોજના તળે વર્ષ

૨૦૨૩–૨૪ મા જાન્યુઆરી અંત સુધીમાં રૂ.૩૩૨.૫૪ કરોડ (ત્રણસો બત્રીસ કરોડ, ચોપન લાખ)નો ખર્ચ કરી બોટોને ડીઝલ વેટ રાહતનો લાભ આપવામાં આવેલ છે.

➢ માછીમારી માટેની યાંત્રિક હોડીઓમાં વપરાતા હાઇસ્પીડ ડીઝલ ઓઇલ પરની વેટ/વેરા માફી યોજના માટે વર્ષ ૨૦૨૪–૨૫ માં **રૂ.૪૬૩.૩૦ કરોડ** (રૂપિયા ચારસો ત્રેસઠ કરોડ, ત્રીસ લાખ)ની જોગવાઇ સૂચવવામાં આવે છે.

➢ નાની ઓ.બી.એમ. બોટ ધારકોને વાર્ષિક ૧૫૦૦ લીટરની મર્યાદામાં રૂ.૫૦/– પ્રતિ લિટર લેખે કેરોસીન/પેટ્રોલ ઉપર સહાય ચુકવવા માટે રૂ.૮.૦૦ કરોડ (આઠ કરોડ) ની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

➢ દરીયાઇ મત્સ્યોદ્યોગના વિકાસ માટે લાભાર્થીઓને આધુનિક સાધનો, સલામતી અને નફાકારક ઉત્પાદન વધારવા તેમજ આનુષાંગિક સાધનો તથા સવલતો પૂરી પાડવા માટે **રૂ.૫૬.૬૬ કરોડ** (છપ્પન કરોડ, છાસઠ લાખ) ની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

## આંતરદેશીય મત્સ્યોદ્યોગ

➢ આંતરદેશીય મત્સ્યોદ્યોગના વિકાસ માટે **૩.૮.૭૮ કરોડ** (રૂપિયા આઠ કરોડ, ઈઠોતેર લાખ)ની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

➢ રાજય સરકાર દ્વારા ભાંભરાપાણી મત્સ્યોદ્યોગના વિકાસ માટે **૩.૮.૭૪ કરોડ (રૂપિયા આઠ કરોડ, ચુમોતેર લાખ)**ની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

➢ મત્સ્યોદ્યોગ ખાતાની તાલીમ અને વિસ્તરણ યોજના હેઠળ **"કામધેનુ યુનિવર્સિટી"**ને સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની કોલેજો નાં નિર્માણ અને તાલીમ કોર્ષ વિગેરેની યોજના માટે **રુ.૨૭.૮૫ કરોડ (રૂપિયા સત્યાવીસ કરોડ, પંચ્યાસી લાખ)**ની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

➢ **પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (PMMSY)** હેઠળ વિવિધ ઘટકો જેવા કે આઇસપ્લાન્ટની સ્થાપના, લાર્જ/સ્મોલ ફીડમીલ સ્થાપના, ડીપ–સી ફિશિંગ બોટ, સી–કેજ, બોટ અપગ્રેડેશન, બાયોફ્લોકસ, સાગર–મીત્ર , કેજ કલ્ચર વગેરે સહાય

માટે વર્ષ ૨૦૨૪–૨૫માં કેન્દ્ર ફાળા અને રાજ્ય ફાળા પેટે રાજ્ય બજેટમાં કુલ **રુ.૩૭.૮૪ કરોડ (રૂપિયા સાડત્રીસ કરોડ, ચોર્યાસી લાખ)**ની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

**મત્સ્યોદ્યોગ ક્ષેત્રે ડિઝીટલાઈઝેશન અને ગુડ ગવર્નન્સની પહેલ અંગે વાત કરુ તો.....**

➢ ફિશીંગ બોટોને હાલમાં જે માછીમારી માટેના મેન્યુઅલી ટોકન આપવાની પદ્ઘતી અમલમાં હતી તેના સ્થાને મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા અન્વયે અગત્યતા ધરાવતુ ઓન–લાઈન ટોકન ઈસ્યુ કરવા **૧લી એપ્રિલ–૨૦૨૨થી** સોફ્ટવેર ડેવલપ કરવામાં આવેલ છે.

➢ માછીમારી બોટોના રજીસ્ટ્રેશન, ફિશીંગ લાઈસન્સ, માલિકી ફેરફાર વગેરે સેવાઓ માટે અગાઉ માછીમાર બોટ માલીકોએ સંલગ્ન જિલ્લા કચેરીમાં તમામ જરૂરી દસ્તાવેજો સાથે અરજી કરવાની રહેતી હતી. આ ખાતા દ્વારા સંપૂર્ણપણે પેપરલેસ ઓનલાઈન બોટ રજીસ્ટ્રેશન સેવા જુન–૨૦૨૨થી શરૂ કરવામા આવેલ છે જેના કારણે માછીમારો દ્વારા કચેરીની મુલાકાત લેવાની જરૂર રહેતી નથી

તેમજ ડીજીટલ પ્રમાણપત્ર પણ ઓનલાઈન પૂરૂ પાડવામાં આવે છે.

- સંપૂર્ણ પેપરલેસ કામગીરી દ્વારા ડીઝલ વેટ રાહત યોજનાનું ડીજીટલાઈઝેશન કરવાની ઝુંબેશના ભાગરૂપે **તા.૦૧.૦૪.૨૦૨૨ થી** ડીઝલ પુરાવ્યા બાદ તાત્કાલિક રાહત લાભાર્થીના બેંક ખાતામાં ડીબીટી મારફત જમા કરવામાં આવે છે
- સંપૂર્ણપણે પેપરલેસ i Khedut મોડ્યુલ જુલાઈ ૨૦૨૨ થી અમલમાં છે
- તમામ અરજીઓ સંપૂર્ણપણે પેપરલેસ રીતે એટલે કે અરજદારની અરજીથી નાણાંકીય મંજુરી ઓનલાઈન કરવામાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

**માહિતી અને પ્રસારણ પ્રભાગની મારી માંગણી ક્રમાંકઃ– ૫૪ અંગે વાત કરુ તો......**

આ વિભાગ ખૂબ જ નાનો પરંતુ હંમેશા એલર્ટ મોડ પર કામ કરતો મહત્વપૂર્ણ વિભાગ છે. રાજ્ય સરકારના વિઝન અને મિશનને લોકો સુધી પહોંચાડી સરકાર અને પ્રજા વચ્ચેનું અંતર ઘટાડવાનું કામ આ વિભાગ કરે છે. માહિતી ખાતા તરીકે ઓળખાતા આ વિભાગની કામગીરી હું આજે ગૃહ સમક્ષ રજુ કરું છું.....

**માનનીય અધ્યક્ષશ્રી,**

**માહિતી અને પ્રસારણ બાબતની ચર્ચામાં જે માન. ધારાસભ્યશ્રીઓએ ભાગ લીધો છે તેઓનો આભાર વ્યક્ત કરૂં છું અને તેમને રજૂ કરેલ મુદ્દાઓની હું નોંધ લઉ છું.**

**માન.અધ્યક્ષશ્રી,**

ગુજરાતમાં થઇ રહેલા અવિરત વિકાસથી આજે સમગ્ર દેશ અને વિશ્વ પ્રભાવિત થયું છે. જેનું એક કારણ છે માહિતીનું સફળ આદાન–પ્રદાન..... જેમ અખબારો અને ચેનલો ખૂણે–ખૂણેથી

સમાચાર શોધીને નાગરીકો સુધી પહોંચાડવાનું કામ કરે છે. તેવી જ રીતે આ ખાતું પણ ૨૪ કલાક એલર્ટ રહે છે, અને રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓ, જનહીતકારી નિર્ણયો, મહત્વના કાર્યક્રમો અને સિદ્ધિઓની પળે–પળની માહિતી સમાચાર સ્વરૂપે લોકો સુધી પહોંચાડે છે.

રાજ્ય સરકારના વિવિધ વિભાગો લોકો માટે યોજનાઓ બનાવે છે..... અને તેનું અમલીકરણ કરે છે.....પરંતુ એ યોજનાની માહિતી જ લોકો સુધી ના પહોંચે તો એ યોજના સફળ થતી નથી..... આવી લોકઉપયોગી યોજનાની માહિતી વિશ્વસનીય રીતે છેવાડાના માનવી સહિત જન–જન સુધી પહોંચાડી, વિવિધ યોજનાઓને સફળ બનાવવામાં માહિતી ખાતાનો સિંહ ફાળો છે. આ કોઈ નાની સૂની બાબત નથી.. હું આ કામગીરી માટે માહિતી ખાતાને અભિનંદન આપું છું.

**માન.અધ્યક્ષશ્રી,**

ટેકનોલોજીના આ આધુનિક યુગમાં માધ્યમોની ગતિ અને સંખ્યા વાયુવેગે વધી રહી છે. માહિતી ખાતાએ પણ માધ્યમોને

અનુરૂપ તેમની કામગીરીની શૈલીમાં પરિવર્તન લાવી અનેક નવતર પહેલો કરી છે.

**માન.અધ્યક્ષશ્રી,**

મને કહેતા આનંદ થાય છે કે, અત્યારે સભાગૃહમાં જે સત્ર ચાલી રહ્યું છે, તેની માહિતી અને વિગતો પણ માહિતી ખાતું જ વિશ્વસનીય રીતે વિવિધ મીડિયા માધ્યમો સુધી પહોંચાડી રહ્યું છે. સભાગૃહના તમામ સભ્યોને રોમાંચિત કરે તેવી માહિતી ખાતાની કેટલીક નવતર પહેલો હું સૌની સમક્ષ રજૂ કરું છું....

છેલ્લા કેટલાક વર્ષોમાં સોશિયલ મીડિયા અને ડિજિટલ મીડિયા એક નવા માધ્યમ તરીકે ઉભરી આવ્યું છે. યુવા પેઢી અત્યારે સોશિયલ મીડિયા માધ્યમનો સૌથી વધુ ઉપયોગ કરી રહી છે. યુવા પેઢી પણ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અને કામગીરીથી માહિતગાર થાય તે માટે માહિતી ખાતાએ ટેક્નોલોજીનો યોગ્ય સુયોગ્ય ઉપયોગ કર્યો છે. જમાના સાથે કદમ મિલાવીને અત્યારે **માહિતી ખાતું ટવીટર, ફેસબુક, યુટ્યુબ જેવા**

**સોશિયલ મીડિયાના વિવિધ ટૂલ્સનો અસરકારક રીતે ઉપયોગ કરી** પ્રચાર–પ્રસારની કામગીરી કરી રહ્યું છે.

**માન.અધ્યક્ષશ્રી,**

ગુજરાતના આ વિકાસ મોડલથી આજે સમગ્ર દેશ પરિચિત થયો છે, એમાં પણ ક્યાંક ને ક્યાંક માહિતી ખાતાનો ફાળો મહત્વપૂર્ણ છે. કારણ કે, રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની માહિતી ગુજરાત સહિત દેશ–વિદેશમાં પણ પહોંચે એ માટે **માહિતી ખાતા દ્વારા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણ ભાષામાં અખબારી યાદીઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે.**

**માન.અધ્યક્ષશ્રી,**

મીડિયા અને પત્રકારોને લોકશાહીનો ચોથો સ્તંભ માનવામાં આવે છે. **રાજ્ય સરકારના નીતિ–નિયમો અનુસાર પત્રકારોને માન્યતા આપી 'પ્રેસ એક્રેડિટેશન કાર્ડ' આપવાનું કામ** માહિતી ખાતું કરે છે. આ માન્યતા પ્રાપ્ત પત્રકારોને જીવન રક્ષણ આપવા રાજ્ય સરકારે પત્રકારો માટે સામૂહિક જૂથ વીમા યોજના અમલમાં મૂકી છે.

આ યોજના હેઠળ **પત્રકારોને વીમા કવચ તરીકે મળવાપાત્ર રકમમાં આ વર્ષના બજેટમાં વધારો કરવામાં આવ્યો છે.** અગાઉ પત્રકારોના કુદરતી મૃત્યુના કિસ્સામાં અપાતી **વીમા કવચની રકમ રૂ. એક લાખથી વધારીને રૂ. બે લાખ અને અકસ્માત મૃત્યુના કિસ્સામાં વીમા કવચની રકમ રૂ. પાંચ લાખથી વધારીને રૂ. દસ લાખ** કરવામાં આવી છે.

**માન. અધ્યક્ષશ્રી,**

દર વર્ષે નવી દિલ્હી ખાતે યોજાતી ૨૬મી જાન્યુઆરી, પ્રજાસત્તાક દિનની રાષ્ટ્રીય પરેડમાં વિવિધ રાજ્યોના ટેબ્લો રજૂ થતા હોય છે. આ પરેડમાં સહભાગી થવા ગુજરાતના ટેબ્લોનું નિર્માણ માહિતી ખાતા દ્વારા કરવામાં આવે છે.

**આ વર્ષે ૨૬મી જાન્યુઆરી–૨૦૨૪માં ગુજરાત સરકાર તરફથી "ધોરડો: ગુજરાત સરહદી પ્રવાસનની ઓળખ" વિષય પર નવી દિલ્હી ખાતે ટેબ્લો રજૂ કરવામાં આવ્યો હતો. ગુજરાતના આ ટેબ્લોને 'પીપલ્સ ચોઈસ' કેટેગરીમાં બેસ્ટ ટેબ્લો તેમજ 'જ્યુરી મેમ્બર્સ ચોઈસ' કેટેગરીમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયું હતું.** ગત વર્ષે

પણ ગુજરાતના ટેબ્લોને ‘પીપલ્સ ચોઈસ’ કેટેગરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું.

**માન.અધ્યક્ષશ્રી,**

માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતાં **‘ગુજરાત પાક્ષિક’**નો વાચકવર્ગ ખૂબ જ મોટો છે. ગુજરાત પાક્ષિક મહિનામાં બે વાર પ્રકાશિત થાય છે. આ પાક્ષિકમાં રાજ્ય સરકારે લીધેલા નિર્ણયો, યોજનાઓના પરિણામે નાગરિકોને મળેલા લાભો અને થયેલા ફાયદાઓની સાફલ્ય ગાથાઓ પ્રકાશિત કરવામાં આવે છે. આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રી, રાજ્યપાલશ્રી, મંત્રીશ્રીઓએ રાજ્યના વિવિધ વિસ્તારોમાં કરેલી મુલાકાતોના અહેવાલ તથા રાજ્યમાં થયેલા વિકાસ કાર્યોની ઝાંખી તેમાં રજૂ કરવામાં આવે છે. માત્ર ગુજરાતી જ નહિ, પરંતુ દર ત્રણ મહીને અંગ્રેજીમાં **‘ધ ગુજરાત’** નામથી પ્રસિદ્ધ થાય છે.

**માન.અધ્યક્ષશ્રી,**

માહિતી ખાતાએ રાજ્યના યુવાનોનું પણ ખૂબ જ ધ્યાન રાખ્યું છે. યુવાનોને રોજગારલક્ષી માહિતી મળી રહે તે માટે માહિતી ખાતું

મહિનામાં ચાર વખત **‘રોજગાર સમાચાર’** સાપ્તાહિકનું પ્રકાશન કરે છે. જેથી રાજ્યનું યુવાધન સરળતાથી રોજગારી અંગે માહિતગાર થઇ શકે.

**માન.અદયક્ષશ્રી,**

**મને જણાવતા આનંદ થાય છે કે,** માહિતી ખાતાના પ્રકીર્ણ પ્રકાશનોએ લોકોમાં અનેરૂ આકર્ષણ ઉભું કર્યું છે. વિવિધ વિષયો, સરકારી યોજનાઓ અને લોકજીવનને રજૂ કરતા આ પ્રકાશનો ખૂબ જ પ્રચલિત બન્યા છે. આ ઉપરાંત સાહિત્યકારો માટે દરવર્ષે દિવાળી નિમિત્તે **‘દિપોત્સવી અંક’**નું પણ પ્રકાશન કરવામાં આવે છે. જેમાં અભ્યાસ લેખો, નિબંધો. ચિંતન લેખો, હાસ્ય લેખો, નવલિકાઓ, કાવ્યો જેવી વિવિધ સાહિત્ય કૃતિઓ તેમજ રંગીન ચિત્રો પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ અંક ગુજરાત અને રાજ્ય બહારના વાચકોમાં ખૂબ જ લોકપ્રિય છે.

**માન. અદયક્ષશ્રી,**

રાજ્ય સરકારના મહત્વપૂર્ણ કાર્યક્રમો, નિર્ણયો, સિદ્ધિઓ અંગે તેમજ લોકજાગૃતિ માટે માહિતી ખાતા દ્વારા **ટીવી ફિલ્મો,**

**ક્વિકી, વિજ્ઞાપનો અને હોર્ડિંગ્સ થકી સુચારુ પ્રચાર–પ્રસાર** થઇ રહ્યો છે.

**માન.અધ્યક્ષશ્રી,**

માહિતી ખાતાએ **રાજ્ય સરકારના પ્રચાર પ્રસાર માટે કોઈ પણ માધ્યમ બાકી મૂક્યું નથી**. આપ સૌને જાણીને નવાઈ લાગશે કે, ભવાઈ, લોકડાયરા અને શેરી નાટક જેવા પરંપરાગત માધ્યમોનો પણ માહિતી ખાતાએ પ્રચાર પ્રસાર માટે યોગ્ય ઉપયોગ કર્યો છે. છેવાડાના સામાન્ય લોકો સુધી તેમની જ લોકબોલીમાં સંદેશો પહોંચાડવાની આ વાત ખરેખર અભિનંદનને પાત્ર છે.

**માન.અધ્યક્ષશ્રી,**

સારી કામગીરીને હંમેશા બિરદાવવી જોઇએ...

રાજ્યમાં **વિકસિત ભારત સંકલ્પ યાત્રા, સ્વચ્છતા હી સેવા અભિયાન, મારી માટી–મારો દેશ અભિયાન અને સેવાસેતુ કાર્યક્રમથી લઈને G20 બેઠક અને વાયબ્રન્ટ સમિટ** જેવા આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોમાં માહિતી ખાતાએ રાજ્ય સરકારની પ્રચાર

પ્રસારની કામગીરી માટે ક્યારેય દિવસ રાત જોયા નથી. નિરંતર કર્મશીલતા આ ખાતાનો મહત્વનો ગુણ છે.... "સેવા એ જ સાધના" સૂત્રને સાચા અર્થમાં માહિતી ખાતાએ ચરિતાર્થ કર્યુ છે અને ડંકાની ચોટ ઉપર સરકારની સાચી વાત જનતા સુધી પહોંચાડવા દિવસ–રાત એક કરી છે.

**માન.અધ્યક્ષશ્રી,**

વિપક્ષના તમામ ધારાસભ્યશ્રીઓને તેમના દ્વારા રજૂ કરવામાં આવેલ તમામ **કાપ દરખાસ્તો પરત લેવા** અને અંદાજપત્રમાં રાજયની ખેતી અને ખેડૂત સમૃદ્ધ થાય તે માટે કૃષિ, નાની સિંચાઇ, પશુપાલન, મત્સ્યોદ્યોગ તેમજ સરકાર અને જનતા વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવતા માહિતી ખાતાના સર્વાંગી વિકાસ માટે રજૂ કરેલ માંગણીઓ અને વિપક્ષ દ્વારા કાપ દરખાસ્તો રજૂ કરેલ હતી તેના તમામ પ્રશ્નોના જવાબ વિગતવાર મારા વક્તવ્યમાં જણાવવામાં આવેલ છે. આ સભાગૃહમાં બેઠેલા મારા સાથી સભ્યશ્રીઓ સર્વાનુમતે સ્વીકાર કરે, તેને આવકારે તેમજ વિના વિરોધે પસાર કરવાની અપીલ કરું છુ.

**માન.અધ્યક્ષશ્રી,**

અંતે વિશ્વના અતિપ્રાચિન ગ્રંથ ઋગ્વેદના સુક્ત સાથે મારી વાત પુરી કરીશ કે, **"કૃષિ ધન્યા, કૃષિર્મેધ્યા જંતુનામ જીવનમ કૃષિ"** એટલે કે,ખેતી ધન અને બુદ્ધિ પ્રદાન કરે છે અને ખેતી માનવ જીવનનો આધાર છે.

**માન.અધ્યક્ષશ્રી,**

**"દુનિયાની તમામ સંપત્તિઓ હોવા છતાં પણ આપણે ખોરાક માટે ખેડુત પર નિર્ભર છીએ"** એ વાક્ય સાથે હું મારા વકતવ્યને વિરામ આપુ છું.

**સૌનો આભાર..**

**જય જય ગરવી ગુજરાત.........વંદે માતરમ........ભારત માતા કી જય.........**